# પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિવેડો લાવવા ચિત્રાસણી મુકામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૫

ગામડામાં રહેતા લોકોને પોતાના કામો માટે તાલુકા મથક સુધી ન જવું પડે તથા રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની




વ્યક્તિલક્ષી અને સામુહિક રજુઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકાર દ્વારા સેવા સેતુ પ્રગતિ સેતુ કાર્યક્રમ સમગ્ર રાજ્યમાં યોજવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત પાલનપુર તાલુકાના ચિત્રાસણી મુકામે પાલનપુર પ્રાંત અધિકારી જે.બી. દેસાઈના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગામના લોકોએ પોતાના પ્રશ્નો રજુ કર્યા હતા. તે પ્રશ્નોનું અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સ્થળ ઉપર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં લોકોને આવક, જાતિના દાખલા, ક્રિમીલેયર, ડોમીસાઈલ પ્રમાણપત્ર વગેરે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. ઉપરાંત લાભાર્થીઓની રેશનકાર્ડ, આધારકાર્ડ અને મા અમૃતમ તથા મા વાત્સલ્ય કાર્ડ મેળવવાની અરજીઓ સ્વીકારીને સ્થળ ઉપર કાર્ડ આપવામાં આવ્યા હતા. જેનાથી લાભાર્થીઓમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી. તેમજ કૃષિ, પશુપાલન, સહકાર, ગ્રામ વિકાસ, પંચાયત, સમાજ કલ્યાણ, આદિજાતિની સ્કીમો, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, સ્કોલરશીપના લાભો અને વિધવા અને વૃદ્ધ નિરાધાર સહાયના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખેડૂતોને જમીન રિસર્વે કર્યા પછી ૭/૧૨ અને ૮અ ઉતારાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અગ્રણી ભગુભાઈ કુગશીયા, ગણેશભાઈ ચૌધરી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્ય, મામલતદાર દરજી, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. બી.ડી. બસ્વૈચા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિરૂબેન રાજપુત, શ્રમ અધિકારી ભીખાભાઈ દેસાઈ, ચિત્રાસણી સરપંચ સૂરમાભાઈ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોડાસા ચાર રસ્તા પર શાકભાજી ફેંકી, દૂધ ઢોળી નોટબંધીનો ઉગ્ર વિરોધ

મોડાસા, તા. ૨૫

નોટબંધીને લીધે લોકો ભારે



હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે કોંગ્રેસે કાળા નાણા હટાવો, પ્રજા બચાવોના નારા સાથે કેન્દ્ર સરકાર સામે વ્યુહાત્મક રીતે આંદોલનાત્મક કાર્યક્રમો જાહેર કર્યો છે, ત્યારે ગુરૂવારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લાના મુખ્ય મુથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા નજીક મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિરોધ પ્રદર્શન કરી રોડ પર શાકભાજી ફેંકીને અને દૂધના કેન ઢોળીને સૂત્રોચ્ચાર કરતા વાહનવ્યવહાર અટવાયો હતો. પોલીસતંત્ર દ્વારા વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી.

નોટબંધીના પગલે અરવલ્લી જિલ્લાના ખેડૂતો, પશુપાલકો, નાના-મોટા ધંધાર્થીઓ અને દુકાનદારોના ધંધા ઠપ્પ થઈ ગયા છે. તદ્ઉપરાંત જૂની રૂ. ૫૦૦-૧૦૦૦ની નોટો લઈ નવી બદલાવવા બેંકો-એટીએમ પર લાંબી કતારો જોવા મળી રહી છે. લોકો નાણા મેળવવા આમથી તેમ ભટકી રહ્યા છે. રીઝર્વ બેંક અને નેશનાલાઈઝ બેંકો દ્વારા પ્રજાજનોને પુરતા પ્રમાણમાં રૂપિયા પુરા ન પડાતા પ્રજાને ભારે હાલાકી પડી રહી છે. ગુરૂવારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લાના વડામથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા નજીક બપોરે ૧ વાગ્યાના સુમારે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સાથે પશુપાલકો અને ખેડૂતોની ઉપસ્થિતિમાં કેન્દ્ર સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર પોકારી-દેખાવો યોજીને વિરોધ પ્રદર્શન કરવાની સાથે ચાર રસ્તા પર કાર્યકરો અને મહિલાઓ દ્વારા શાકભાજી ફેંકીને, રોડ પર દૂધ ઢોળીને વિરોધ પ્રદર્શીત કર્યો હતો. પોલીસે વિરોધ કરી રહેલા ૫૦થી વધુ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી. અટકાયત સમયે કાર્યકરો અને પોલીસ વચ્ચે દમનશાહી બંધ કરોના સૂત્રોચ્ચાર પોકારી અટકાયતનો વિરોધ કર્યો હતો. વિરોધ પ્રદર્શનમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, અરૂણભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય રેવાભાઈ ભાંભી, માનવેન્દ્રસીંહ બાપુ, મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ સોમસીંહ, ઉપપ્રમુખ વાલાભાઈ ભરવાડ તેમજ મહિલા કોંગ્રેસ સમિતિના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં ગુજરાત રાજ્ય બીજ નિગમ કેન્દ્ર ફાળવવા જિલ્લા પંચાયત પ્રમુખની રજૂઆત

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા જૂની રૂ. ૫૦૦-૧૦૦૦ની નોટથી સરકાર માન્ય કેન્દ્રમાં ખેડૂતો બીયારણ અને ખાતરની ખરીદી કરી શકશે તેવી રજૂઆત તો કરી પરંતુ અરવલ્લી જિલ્લામાં રાજ્ય સરકારના બિયારણ સપ્લાય કરતા બીજ નિગમનું એક પણ વેચાણ કેન્દ્ર આવેલ નથી જેથી જિલ્લાના ખેડૂતો બિયારણની ખેતી ન કરી શકતા તેમના માટે બીજ નિગમ વેચાણ કેન્દ્ર કે પછી તેની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી રજૂઆત જિલ્લા કલેક્ટરને ફેક્સ દ્વારા કરવામાં આવી હતી.

# કોંગી શાસનમાં ૧૦ લાખ કરોડના ભ્રષ્ટાચારના કાંડ : ભરત પંડ્યા

### કોંગી કાર્યકરોએ રાહુલના ઘરે પહોંચવું જોઈએ : મોદીના નિર્ણયને દેશભરની પ્રજા સમર્થન આપી રહી છે ત્યારે કોંગી કાળા નાણાંને સમર્થન આપે છે : ભરત પંડ્યા

અમદાવાદ, તા.૨૫

ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ કોંગ્રેસના નકારાત્મક કાર્યક્રમો સામે પ્રત્યાઘાત આપતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના રસ્તા રોકો કાર્યક્રમ એ કોંગ્રેસના કાળાનાણાનો કકળાટ અને સત્તાવગરનો ઉકળાટ છે. કોંગ્રેસે રસ્તા રોકોનાં બદલે કાળાનાણાં રોકો કાર્યક્રમ પોતાના શાસનકાળ દરમ્યાન કર્યા હોત તો દેશની આ પરિસ્થિતિ ન હોત. કોંગ્રેસે બંધનાં બદલે નકલી નોટ અને આતંકવાદી પ્રવૃત્તિ બંધ કરવાનાં કાર્યક્રમોમાં સમર્થન આપવું જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નોટબંધીનાં નિર્ણયને દેશની જનતાએ ૯૦ ટકા સમર્થન આપ્યું છે. ત્યારે કોંગ્રેસે જનતાનાં સમર્થનમાં જોડાવું જોઈએ. તેનાં બદલે કાળાનાણાના સમર્થનમાં ખુલ્લેઆમ આવી ગઈ છે. તે દેશનું કમનસીબ છે. ગઈકાલે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનાં ઘરે કોંગ્રેસે નોટો બદલવા લાઈનો લગાવી તે અંગે પ્રત્યાઘાત આપતા પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના કાળા નાણાંની જવાબદારી ભાજપની નથી. તેથી કોંગ્રેસ અમિત શાહના ઘરના બદલે રાહુલ ગાંધીના ઘરે નોટો બદલવા લાઈનો લગાવવી જોઈએ કારણ કે કોંગ્રેસના છેલ્લા ૧૦ વર્ષના શાસનકાળ દરમ્યાન ૧૦ લાખ કરોડના ભ્રષ્ટાચારનાં કૌભાંડો થયા છે.

પંડ્યાએ જણાવ્યું કે, કોંગ્રેસનાં રસ્તા રોકો બંધના કાર્યક્રમોએ લોકોની હાલાકીમાં વધારો કરીને હિંસક બનાવવાનાં પ્રયાસને ગુજરાતની જનતા ક્યારેય સ્વીકારશે નહીં. ગુજરાતની જનતા શાંતિપ્રિય, વિકાસપ્રિય છે. કોંગ્રેસના કાળાનાણાંના તરફેણમાં હિંસક ઈરાદાઓ ગુજરાતની જનતા ઓળખી ગઈ છે. કોંગ્રેસના આવા બંધનાં તાયફાને ગુજરાતની જનતા ક્યારેય સમર્થન નહીં આપે તેવો ગુજરાતની જનતા પર ભાજપને પુરો ભરોસો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ કેન્દ્રના નાણામંત્રી અને આરબીઆઈનાં અધિકારીઓ સાથે સંપર્કમાં રહીને લોકોને મુશ્કેલી ન પડે તે માટે સતત રજુઆતો કરી રહ્યાં છે.

જ્યારે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના માર્ગદર્શન હેઠળ વિડિયો કોન્ફરન્સ દ્વારા અરૂણ જેટલી, રાષ્ટ્રીય મહામંત્રી રામલાલજી અને શીર્ષસ્થ નેતૃત્વને લોકલાગણી અને રજુઆત પહોંચાડી રહ્યાં છે. આરબીઆઈ અને બેંકો વચ્ચે કોમ્યુનીકેશન ગેપ ન રહે તે માટે ખાસ રજુઆતો કરી છે. તેમ ભરત પંડ્યાએ અંતમાં જણાવ્યું હતું.

# સરકાર નિષ્ફળતા છુપાવવા રોજ તઘલખી નિર્ણય કરે છે

### દેશની જનતાને બેંકોની લાઈનોમાં કલાકોના કલાકો ઉભા રહેવાની ફરજ પાડવામાં આવી છે : લોકો નિઃસહાય

અમદાવાદ, તા.૨૫

કેન્દ્રની ભાજપની સરકાર પ્રજાને આપેલા વચનો, વાયદાઓ પૂર્ણ કરવામાં સદંતર નિષ્ફળ જતાં નોટબંધીના નામે પ્રજા પર પાબંદી લાવીને સમગ્ર દેશની જનતાને ગુમરાહ કરીને ત્રાસદાયક સ્થિતિમાં મુકી દીધી છે. દેશમાંથી કાળુધન સંપૂર્ણ રીતે ખતમ થાય તે માટે કોંગ્રેસ પક્ષ અને દેશની જનતા સરકારને સહયોગ કરવા તૈયાર છે પરંતુ ભાજપ સરકાર પોતાની નિષ્ફળતાઓને ઢાંકવા રોજેરોજ તઘલખી નિર્ણયો કરીને દેશની જનતાને એક ભયના માહોલમાં મુકી દીધી છે. સમગ્ર દેશની જનતાને બેન્કોની લાઈનોમાં કલાકોના કલાકો ઉભા રહેવા છતાં પોતાના પરસેવાની કમાણીનો પોતે ઉપયોગ ન કરી શકે તેવો અણઘડ અને અંધાધૂધીભર્યા નિર્ણય કરીને ખેડુત, ખેતમજુર, પશુપાલક, શ્રમિકો, સામાન્ય મધ્યમવર્ગ, નાના વેપારીઓની આજીવિકા પર જીવલેણ તરાપ મારી છે. ભાજપના આવા અણઘડ અને અંધાધૂધીભર્યા નિર્ણયની સામે પ્રજાને પોતાના નાણાનો યોગ્ય ઉપયોગ કરી શકે, બેન્કો પુરતા નાણા પ્રજાની સગવડ મુજબ આપી શકે અને નાણાના મુદ્દે ઉભો થયેલ ભયનો માહોલ દુર થાય, તેવા હેતુથી કોંગ્રેસ પક્ષ પ્રજાનો અવાજ બનીને સમગ્ર ગુજરાતમાં બસ અને રેલ રોકો આદોલનનું આહવાન કરેલ જેને ગુજરાતની પ્રજાએ ઉત્સાહપૂર્વક સમર્થન આપી એક સાથે ગુજરાતના દરેક જિલ્લે અને નાના મોટા શહેરોમાં બસ અને રેલ્વે વ્યવહારનો ચક્કાજામ કરીને ભાજપ સરકારને પડકાર કર્યો છે કે, પ્રજાને પડતી હાલાકી પરેશાની દુર નહીં કરો તો આવનાર સમયમાં આક્રમક કાર્યક્રમો આપીને જડબાતોડ જવાબ આપવામાં આવશે.

# ભિલોડામાં નોટબંધીનો વિરોધ કરનાર કોંગ્રેસ કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત



ભિલોડા,તા.૨૫

ભિલોડામાં એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે કોંગ્રેસ ધ્વારા રૂા.૫૦૦/-અને રૂા.૧૦૦૦/-ની ચલણી નોટબંધીનો વિરોધ પ્રદર્શન કરનાર કોંગ્રેસ કાર્યકરોની પોલીસ ધ્વારા અટકાયત કરાઈ હતી. ભિલોડા કોંગ્રેસના કાર્યકરો ધ્વારા વિરોધ પ્રદર્શનના કાર્યક્રમ દરમ્યાન ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર ટ્રાફીક ચક્કાજામ કરાયો હતો. કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કરતાં કોંગ્રેસી કાર્યકરોની પોલીસએ ધરપકડ કર્યા બાદ મુક્ત કર્યા હતા. કોંગ્રેસી કાર્યકરો ધ્વારા તા.૨૮/૧૧/૨૦૧૬ સુધી વિરોધ પ્રદર્શનના વિવિધ કાર્યક્રમો નક્કી કર્યા હોવાનું આધારભુત સુત્રો જાણવા મળેલ છે. ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા તા.કોંગ્રેસ પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત, ભિલોડા તા.પં.પ્રમુખ કુંદનબેન ડામોર, ભિલોડા તા.પં.કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, રમણભાઈ ઠાકોર, બાબુલાલ પરમાર, હર્ષદભાઈ ત્રિવેદી, જીતુ બરંડા, કાંતીલાલ ખરાડી, સમીર પંડ્યા, ધાર્મિક પટેલ, કંદર્પ પટેલ, પરેશ જોષીયારા, સતીષભાઈ પટેલ સહિત કોંગ્રેસના હોદેદારો, કાર્યકરો ધ્વારા વિરોધ પ્રદર્શન દરમ્યાન સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરાયા હતા.



ગરમ વસ્ત્ર બજાર - શિયાળા ધીમે ધીમે જામતો જાય છે... સવારે અને રાત્રીના સમયે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે... જેમ જેમ શિયાળો જામતો જાય છે તેમ તેમ ગરમ વસ્ત્રોના બજારમાં પણ ગરમાવો આવતો જાય છે... નાગરિકો સ્વેટર, મફલર, કાન ટોપી ઉપરાંત ગરમ જાકીટની ખરીદીમાં વ્યસ્ત જોવા મળ્યા હતા...

## વરવડા ચામુંડા માતાજી દેવસ્થાન ખાતે સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના વરવાડા ગામે ભારદ્વાજ ગોત્ર પરિવાર ચામુંડા કુળદેવી સેવા મંડળ દ્વારા પ્રથમ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમનું આયોજન સંવત ૨૦૭૩ કારતક વદ- ૧૩ થી તા. ૨૭ નવેમ્બર ૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૮ કલાકથી કાર્યક્રમથી આયોજન કરાયું છે. આ યજ્ઞોપવિતમાં ૧૨ બટુકો જનોઈ ધારણ કરનાર છે. યજ્ઞોપવિત કાર્યક્રમમાં ભોજનના દાતા નરેશભાઈ દવે, મીઠીધારીયાલ વાળા છે. યજ્ઞોપવિત કાર્યક્રમ વરવાડા ખાતે હાજર રહી બટુકોને આશિર્વાદ આપવા સંસ્થાના પ્રમુખ દેવેન્દ્રભાઈ અને સંસ્થાના મંત્રી અરવિંદભાઈ શુકલે આમંત્રણ પાઠવેલ છે.

# નવા બેંક એકાઉન્ટ ખોલવા રાજ્યમાં ઝુંબેશ હાથ ધરાશે

અમદાવાદ, તા.૨૫

ભારત સરકારે ડીજીટલ પેમેન્ટનો વ્યાપ વધારવા અને ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા પર ભાર મુક્યો છે. જે અંતર્ગત ગુજરાત સરકારે પણ રાજયભરમાં ડિજીટલ પેમેન્ટનો વ્યાપ વધે અને લોકો પ્રોત્સાહિત થાય તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ નક્કર આયોજન કર્યું છે. રાજયના મુખ્ય સચિવ જેએનસિંઘ દ્વારા મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથનની ઉપસ્થિતિમાં રાજયનાં જિલ્લા કલેકટર અને જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી ડિજીટલ પેમેન્ટ માટે લોકોને પ્રોત્સાહિત કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં રાજયભરમાં ડિજીટલ પેમેન્ટનો વ્યાપ વધારવા અને લોકોને આ માટે પ્રોત્સાહિત કરવાના રાજય સરકારના પ્રયાસના ભાગરૂપે જે લોકો બેન્કમાં ખાતું ધરાવતા નથી તેવા લોકોને એક ઝુંબેશ સ્વરૂપે પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત નવું ખાતું સ્થળ પરથી જ ખોલી આપવામાં આવશે. આ માટે રાજયભરમાં જિલ્લા તાલુકા મથકોએ નવાં બેન્ક એકાઉન્ટસ ખોલવા માટે જુદી જુદી બેન્કોના સહયોગથી કેમ્પ શરૂ કરવામાં આવશે. મુખ્ય સચિવએ જિલ્લા કલેકટરઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ, એસએલડીસી કન્વીનર સહિતના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ યોજી હતી. તેમણે તાલુકા જિલ્લા કક્ષાએ જનધન યોજના અન્વયે બેન્ક ખાતા ખોલાવવા કેમ્પ યોજવા, રૂપે કાર્ડનું વિતરણ કરવા, તેને કાર્યરત કરવા માર્ગદર્શન આપવું વગેરે જેવી કામગીરી આવતી કાલથી જ શરૂ કરવા અધિકારીઓને સુચના આપી હતી.

# વાઘબકરી ટી ગ્રુપે વસાવ્યો હવે વિદ્યુત ઊર્જાનો સ્ત્રોત

### અત્યાધુનિક ઉત્પાદન પ્લાન્ટમાં ૧ કરોડના રોકાણે વસાવેલ સોલાર પાવરથી પ્લાન્ટની જરૂરીયાતના ૨૦ ટકા વીજળી ઉત્પન્ન થશે




ભારતની ત્રીજી સૌથી વિશાળ પેકેજ્ડ ટી કંપની, વાઘબકરી ટી ગ્રુપે પોતાના ઉત્પાદન પ્લાન્ટને સોલાર એનર્જી એફિશીયંટ બનાવવાનું પ્રેરણાત્મક પગલુ ભર્યુ છે. કંપનીએ એમના ધોળકા પ્લાન્ટ ખાતે ૧૨,૫૦૦ સ્કેવફીટમાં પ્રસરેલું, ૧૨૫ કેવીનું સોલાર પાવર રૂફટોપ ૧ કરોડના રોકાણે વસાવ્યું છે. અહીં ૪૦૦ સોલાર પેનલ્સ લગાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેના દ્વારા પ્રતિ દિન ૩૦૦ વોલ્ટ વીજળી ઉત્પન્ન થશે. આ સોલાર પાવરના પ્રોજેક્ટથી વાર્ષિક ૨ લાખ યુનિટ્સ વીજળી ઉત્પન્ન થશે, જેના કારણે આવતા ૨૫ વર્ષો સુધી પ્લાન્ટની કુલ વીજળીની જરૂરીયાત ૨૦ ટકા વીજળી મળી રહેશે.

વાઘબકરી ટી ગ્રુપના એક્ઝેક્યુટીવ ડિરેક્ટર પરાગભાઈ દેસાઈ કહે છે કે 'વીજળીના રૂટીન સ્ત્રોત મર્યાદિત હોવાની સાથે પ્રદૂષણ પણ ફેલાવે છે. આ કારણે ગ્રીનહાઉસ ઈફેક્ટ થાય છે. ભવિષ્યમાં સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ મળે એ હેતુથી વાઘબકરી ટી ગ્રુપે આ સોલાર પાવર પ્રોજેક્ટની પહેલ કરી છે અને આવનારા ટુંક સમયમાં અમે એની ક્ષમતા પણ વધારવાના છીએ.'

## અમૂલ: ધ ટેસ્ટ ઓફ ઈન્ડિયા હવે અમેઝોનના ગ્લોબલ સેલિંગ પ્રોગ્રામ મારફત યુએસમાં ઉપલબ્ધ

### ભારતની સૌથી વિશાળ ફૂડ બ્રાન્ડે વૈશ્વિક ગ્રાહકોને પહોંચી વળવા માટે અમેઝોન મારફત ઓનલાઈન પદાર્પણ કર્યું

અમદાવાદ, ૨૫

અમેઝોન ઈન્ડિયાએ આજે તેના ગ્લોબલ સેલિંગ પ્રોગ્રામ મારફત યુએસમાં ઓનલાઈન વેચાણમાં અમૂલના પ્રવેશની જાહેરાત કરી છે. ભારત લેવેચ કરે છે તે રીત બદલી નાખવાના અમેઝોનના ધ્યેયની રેખામાં આ ખાસ સહયોગને લીધે યુએસમાં ગ્રાહકો અમૂલની ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટો માણી શકશે. આ લોન્ચમાં અમૂલ અમેઝોન.કોમ મારફત તેના વૈશ્વિક ગ્રાહકોને અમૂલ ઘી ઓફર કરશે. અમૂલનું ઘી અને ગુલાબ જામુન યુએસ બજારમાં સૌથી ઉત્તમ વેચાતી પ્રોડક્ટોમાંથી એક છે, જેમાં અમૂલનું ઘી હાલમાં બટર અને માર્ગરીન શ્રેણીમાં અમેઝોન પર ટોચની એસકેયુમાંથી એક તરીકે ક્રમ પામી છે. આગળ જતાં અમૂલ અમેઝોન.કોમ પર તેના વ્યાપક પ્રોડક્ટ પોર્ટફોલિયોમાંથી વધારાની પ્રોડક્ટોનો ઉમેરો કરવાની યોજના બનાવી રહી છે.

અમેઝોનનો ગ્લોબલ સેલિંગ પ્રોગ્રામ ગયા વર્ષે મેમાં ભારતમાં રજૂ કરવામાં આવ્યો હતો. તે વેપાર સાહસિકો, એસએમઈ, ઉત્પાદકો તેમ જ મોટી બ્રાન્ડ્સ સહિત બધા ભારતીય વિક્રેતાઓ માટે દુનિયાભરમાં ગ્રાહકોને તેમની મેક ઈન ઈન્ડિયા પ્રોડક્ટો વેચવા માટે સરળ, આસાન અને સુવિધાજનક પહોંચ આપે છે. આ પ્રોગ્રામ હેઠળ અમેઝોનનાં ૯ વૈશ્વિક બજારસ્થળોમાં વૈશ્વિક સ્તરે વેચતા મંચ પર કુલ ૧૮,૦૦૦ જેટલા ભારતીય વિક્રેતાઓ સાથે ગયા વર્ષે તુલના કરતાં વિક્રેતા મૂળમાં ૭૦ ટકા વધારો જોવા મળ્યો છે. આ પ્રોગ્રામ વ્યાપક પરિપૂર્ણ નિવારણો ઓફર કરે છે, જેમાં વિક્રેતાઓને ઈમેજિંગ, લોજિસ્ટિક્સ, ટેક્સ એડવાઈઝરી અને રેમિટન્સમાં સહાય કરવાનો સમાવેશ થાય છે. લાખ્ખો ભારતીય પ્રોડક્ટો અમેઝોનના વૈશ્વિક બજારસ્થળોમાં લિસ્ટેડ હોઈ વૈશ્વિક વેચાણે અનેક શ્રેણીઓમાં લોકપ્રિય ભારતીય પ્રોડક્ટોની પસંદગી વિસ્તારી છે.

## સોનાને ટાર્ગેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂકવણી કરવામાં આવતી નથી. અધિકારીઓનું કહેવું છે કે નોટ ઉપર પ્રતિબંધ બાદ રોકડ આધારિત સોનાની દાણચોરી અટવાઈ પડી છે. રોકડની અછત અને કિંમતો ઘટવાથી આ ત્રિમાસિક ગાળામાં સ્ક્રેપ ગોલ્ડના પુરવઠાને પણ અસર રહેશે. બીજી બાજુ રાજકીય પાર્ટીઓ, વિરોધીઓ અને અન્ય લોકો મોદી ઉપર પ્રહાર કરી રહ્યા છે. આ સંદર્ભમાં મોદીએ જવાબ આપતા આજે કહ્યું હતું કે વિરોધીઓને પીડા આ બાબતને લઈને છે કે તેમને કોઈ તક મળી નથી. મોદીએ ભાર મુકીને કહ્યું હતું કે જો ૭૨ કલાક પણ વિરોધીઓને મળી ગયા હોત તો આ લોકોએ મોદીની પ્રશંસા કરી હોત પરંતુ વિરોધ કરનાર લોકોને કોઈપણ તક આપવામાં આવી નથી. અહેવાલ મુજબ બ્લેક મનીની સામે લડાઈ વધુ તીવ્ર કરવાનો નિર્ણય મોદી કરી ચુક્યા છે. સરકાર સોનાની આયાત ઉપર નિયંત્રણ મુકી શકે છે તેવી દહેશત બાદ જ્વેલર્સ દ્વારા સોનાની આડેધડ ખરીદી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં આને લઈને પણ કોઈ પહેલા તેવી શક્યતા છે.

## લક્ઝરી પલ્ટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોડી સાંજ સુધી આ મામલે કોઈ કારણોસર પોલીસ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

ગાંધીનગર રાંદેસણ નજીક એક ફ્લેટની સ્કિમમાં રહેતા ટીસીએસ કંપનીનાં ટ્રેઈની કર્મચારીઓ રહે છે. આ ટ્રેઈની કર્મચારીઓને લેવા-મુકવા જવા માટે કંપનીની જ લકઝરી બસ આવે છે. આજે બપોરનાં અરસામાં રાંદેસણથી ટ્રેઈની કર્મચારીઓને લઈને કંપનીની લકઝરી બસ નં.જીજે ૦૨ વી ૯૬૮૧ ટીસીએસ લાવવા નિકળી હતી. આ લકઝરી સીટી પલ્સ નજીક મુખ્ય માર્ગ પર પહોંચી ત્યા અચાનક વળાંક પાસે ડીવાઈડર પર ટકરાઈને લકઝરી પલ્ટી મારી ગઈ હતી. લકઝરીમાં ૭૦ જેટલા કર્મચારીઓ સવાર હતા. લકઝરી પલ્ટી મારી જતા ફસાઈ ગયેલા કર્મચારીઓ ઈમર્જન્સી એક્ઝીટ વિન્ડોનાં કાચ ફોડીને બારી તોડીને બહાર નિકળ્યા હતા. સદ્દઝનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી પરંતુ આ અકસ્માતની ઘટનામાં ૨૫ જેટલા કર્મચારીઓને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને એપોલો ખસેડાયા ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખસેડવામાં આવ્યા હતા. એક યુવા કર્મચારી કુમાર ભુદમની આ ઘટનામાં આંગળી પણ કપાઈ જવા પામી છે. કોઈ કારણોસર મોડી સાંજ સુધી આ અકસ્માત મામલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી ન હતી. અકસ્માતને નજરે જોનાર વ્યક્તિઓનું માનીએ તો લકઝરી ચાલક બેફામ ડ્રાઈવીંગ કરી રહ્યો હતો.